# આજકાલ હું મનનું કહ્યું કરું છું

આજકાલ હું મનનું કહ્યું કરું છું
કૉફી ભરેલા મોટા મગથી
હાથને
અને
ફૈઝની નજમોથી
મારો માંહ્યલો શેકું છું...

રોજ સવારે –
છાપાંમાં છપાયેલા સમાચારો પર
નિરાંતે દલીલો કરું છું
સરસોંનું શાક
અને ચીલ-ભાજીની રોટલી
ક્યારેક ગોળ તો
ક્યારેક લીલા મરચાંની મોજ માણું છું
મારી બારીમાં મૂકેલા કૂંડામાં
વાવેલી ખેતીને
પાણીથી સિંચું છું
સાંજે -
રખડુંની જેમ ફરતાં ફરતાં
વૃક્ષોની ટોચે બેઠેલી
ચકલીઓનો કલરવ સાંભળું છું
ક્યારેક
ભરબપોરે
મિત્રોનો હાથ ઝાલી
મારા ગલી-મહોલ્લાની
વાતોથી વીંટળાઉં છું

વધ્યાં ઘટ્યાં વૃક્ષો પર

પંખીઓ માળો ગૂંથી શકે
એવા પ્રયાસોમાં સામેલ થાઉં છું
સાંજ વીત્યે –
મારા ગામની માટીને
દૂરથી જ પંપાળું છું

મારા મિત્રો કહે છે –
આજકાલ હું કંઈ જ નથી કરતી!
કારણ કે –
આજકાલ હું મારા મનનું કહ્યું કરું છું...

## વારસો

વારસામાં મળે છે –
ચૂલો
વાસણો – સાડીઓ
સોનું - ચાંદી
ગળામાં ઝૂલતી ‘વરમાળા’
કાંડું દબાવી દબાવીને પહેરાવેલા ‘ચૂડલા’
અને ઢગલો બંગડીઓ
પગની આંગળીઓને
જકડી નાખતાં ‘વીંછિયા’
ગાલોને લાલ કરતો રંગ
નાક વીંધતી ‘નથણી’
પેટીમાં બંધ ‘દહેજ’
કાનોમાં ગણગણતી શિખામણો -
કોઈ પણ પરિસ્થિતિમાં રહેવાની ચેતવણી,
અણીદાર શબ્દો સહી લેવાની કળા...
પણ
માએ
આવા વારસામાંથી
રાખી હતી બાકાત મને!

## ચાકથી આંચ

કાયમ
કુંભારના ઘેર થઈને
જતી હતી ખેતરમાં
ચાકે ચડેલી માટી
હાથમાં લઈ
ગોળ ગોળ ફેરવતી હતી
હંમેશાં એક સવાલ –
કુંજો - માટલું - કોડિયાં
માટી બનાવે છે કે બનાવે છે હાથ?
નાનીનું એ જ હાસ્ય
અને રોકડિયો જવાબ –
ન માટી, ન હાથ
બધુંય બનાવે છે આગ
તપે છે માટી
તેથી જ તો બને છે
નહીં તો તૂટી જઈને
ભળી રહેત માટીમાં જ
આગ
તપાવે છે
બાળે છે
ભઠ્ઠીમાં નાખેલા એક એક ઢાંચાને
બનાવે છે પાકટ.

વળી મારો સવાલ –
પણ આગ તો રાખ કરી નાખે છે બધુંય!
ઉદ્દંડ બની
ઘર, ગામ, ખેતર, દેહ
બાળી મૂકે છે બધુંય

નાનીનો ફરી જોરદાર જવાબ –
આગ જ બનાવે છે બધુંય!
દીવામાં ઊતરે છે
ત્યારે પ્રાર્થના બની જાય છે
અને દેહમાં ફેલાય છે
ત્યારે સમગ્ર સૃષ્ટિ બની જાય છે
તારી અંદર –
સાચવી રાખજે આગ
તો જ બની શકીશ
નહીં તો રહી જઈશ
જીવનભર માટી
તારી અંદર સાચવી રાખજે એક આગ...

## નાળ

શેરીઓમાં સંભળાતો
'નાળ' બેસાડી આપનારનો સાદ
પોચી પોચી ખરીઓ તળે
લોખંડ જડાતું જોયું છે કદીય?
ક્યાંક આવેશમાં
આક્રમક ન બને એથી
બંધાય છે મોં પર જાળી
જાતને કરી સુરક્ષિત
આરંભાય છે
એક યાતનાકથા –
આળોટાય-રગદોળાય આખોય દેહ રેતીમાં
અફળાય-ઘસાય શિંગ ભોંય પર
જડબાં વચ્ચે દબાય રબર
અને
પછી
વહેતું ફીણ...

આંખ મીંચી
કરતી પ્રતીક્ષા
તેના ઊઠવાની

- લાગી ગઈ નાળ...

તે
દોડે છે
ડામરની સડક પર
સમજાય છે હવે
યાત્રા માટે

નરમ ફીણ તળે
લોખંડ લગાડવાની પ્રક્રિયા આખીય

અને
હુંય
નાળ લગાડી
થાઉં છું ઊભી
ઝપાટાભેર દોડવા માટે...

# ચોતરો બોલે છે

મારા ગામનો ચોતરો બોલે છે :

આ... આવી જાન ગામમાં
પાઘડી મુકાઈ પગમાં
કેટલીય વાર મનાવ્યા
સંબંધો રિસાયેલા

મીઠાઈઓના થાળમાંથી
મોતીચૂરના લાડુ ચોર્યા
વરરાજાની ખબર
ઊડતી ઊડતી જઈ પહોંચી
નવવધૂના કાન સુધી
બસની છત પર
પટારાઓમાં કેદ થઈ ગયો એક આખા ખેતરનો પાક
પાછી ફરી નવોઢા ખાલીખમ
એકઠું થયું પંચ
ગામ આખાની સલાહ – સૂચના
હજી બીજો પાક
પટારાઓમાં બંધ થઈ
વિદાય થયો ચોતરેથી...

ફરી આવી વધૂ
ભર્યો ખોળો
ભર્યાં સપનાં
પંચાયતને કરાઈ જાણ –

આ વખતે નહીં વિદાય
ના ખેતરની
ના પાકની

દીકરી છે મારી
ભરપૂર કમાણી
તેણે કર્યું
સપનાનું વાવેતર
ફેલાયું જે ખેતરોમાં
ગામના ચોતરેથી ઊઠેલો અવાજ
ફેલાઈ ગયો,
ગામ – કસબા
નગર – મહાનગર
ગલી ગલીમાં -

બિબ્બીની દીકરી મોટી થઈને
ફેલાઈ ગઈ
આકાશમાં...

## સાંભળ ઓ અર્જુન!

ક્યારેક
એમ લાગે છે મારા અર્જુન!
કે તારું તીર
વીંધાયેલી માછલીનો અભિશાપ બની
વીંધી ગયું મને જ!
અને લીમડાની સુક્કી ડાળી-શી હું
ચકરાવો બની
ડોલી રહી છું એ જ માછલી-શી
તારી પ્રાપ્તિના વંટોળ વચ્ચે...

કિંતુ
કુંતીના શબ્દોને
ભરી તો લીધા મારી સેંથીમાં
વગર વિચાર્યે
કે પાંચ ભાગમાં વહેંચાઈને હું
વિખેરાઈ જઈશ
પાલવમાંથી નખાયેલા ચોખાની જેમ
ત્યારે કોને ખબર હતી -
કે પોતાના જ હાથે આંગણે વાવેલો તુલસીનો છોડ
યશ-કીર્તિથી પોષાઈ-પોરસાઈને
મારી પકડમાંથી છૂટી જઈને
સરકતો જશે ઉપર ને ઉપર!
પણ સત્ય તો એ છે અર્જુન
કે વહેંચાઈ જઈનેય
મેં મને કરી
સંપૂર્ણપણે અર્પણ તને –
જ્યારે તેં
મારો પાલવ ચીરી
સોંપી દીધો સુભદ્રાને

જેની છત્રછાયા તળે ઊછરતું રહ્યું
અભિમન્યુના પિતા હોવાનું અભિમાન
સમાંતરે તું કહેવાયો કૌંતેય પણ
અને બની નગણ્ય ગઈ
કેવળ દ્રૌપદી!
ભીતરના મહાભારતને દાબી દઈ
હસતી રહી તારે ખાતર
પણ
મારું એકાદ હાસ્ય
મહાભારતનું કારણ બની પણ ગયું જો
ત્યારે
શું તુંય મને જ આપીશ સઘળો દોષ?
આ જ તો છે સત્ય –

કે પૂર્ણપણે ખેંચાઈને
જ્યારે પણ તેં વીંધવા ઇચ્છ્યું તારું લક્ષ્ય
ઝૂકી છું હું જ
પ્રત્યેક વાર
પ્રત્યેક પળે પ્રત્યંચા બની
અને
ઉપેક્ષાઓનો સ્વીકાર કરી
તારી આ મહાનતાની સરખામણીએ
ઝૂકીશ પ્રત્યેક વાર
એ ભૂલીને –
કે તાળીઓના ગડગડાટ વચ્ચે
મારી ભીતર કોઈ તંતુ
ખૂંચતો રહ્યો છે દરેક વાર, ચુપચાપ!
એટલે જ તો એવું લાગે છે મારા અર્જુન,
કે તારું તીર
વીંધાયેલી માછલીનો અભિશાપ બની
વીંધી ગયું મને જ!

## નાલંદા

ઓ દ્વારપાળ, સાંભળ –
'જ્યારે આને સળગાવવા આવ્યા
તોડવા આવ્યા
તું ઊભો હતો દ્વાર પર
તેં કેમ ઉઘાડ્યાં કમાડ?
તુંય હતો જ્ઞાની
તારા દસ સવાલ થકી
થતી પહેલી પરીક્ષા
શું એકેય સવાલ ન કર્યો તેં?
બળને કેમ રસ્તો આપ્યો જ્ઞાને?'

'બળ તર્ક નથી કરતું –
દેખાડે છે અણીદાર ભાલો
પહેલા, સૈનિક દેખાડે છે આંખો
અને પછી કાઢી લે છે આંખો
ઊકળતા તેલના તપેલામાંથી
દાઝ્યા વિના કઈ રીતે નીકળાય સુરક્ષિત
શીખવતું નથી કોઈ પણ પુસ્તક'

'અસત્ય ન બોલ દ્વારપાળ
શીખ્યો જ નથી તું પ્રતિકાર
શાસ્ત્રાર્થમાં
નિશ્ચિત જ હારતા સૈનિક અને રાજા'

હજીય
ઊભી છે
બળેલી ઈંટો પકડી
કેટલીક ખખડધજ ભીંતો

બળી ગયેલી માટી થઈ જાય છે અધિક જીદ્દી
અહીં
ગુરુને પ્રણામ કરવા
ઊઠતા નથી મારા હાથ
ચિત્કારે છે અસંખ્ય સવાલ!
'નિજ શિષ્યો સાથે
ભીંતોને અઢેલી
શું તમેય ઊભા હતા આચાર્ય,
કે ઉઠાવેલા હાથ?
તેમનાં જ શસ્ત્રો ખૂંચવીને
તમેય કર્યો હતો પ્રહાર?
કરતા હતા ને અહિંસામાં વિશ્વાસ
એથી જ તો બની રહ્યા હિંસાના સાક્ષી તમે?'

ચૂપ છે સહુ...

સત્ય છે –
પુસ્તકોમાંથી વહેતું નથી રક્ત
તેની સાથે થયેલી હિંસા
વહે છે
ઝરે છે
સદીઓ સુધી...!

## બુદ્ધપૂર્ણિમા

સિદ્ધાર્થમાંથી –
બુદ્ધ બનવાની યાત્રા
તારી અંગત હતી
સુજાતાની ખીર ખાઈને
મળ્યું નિર્વાણ તને
એ ઉત્સવ તારો પોતાનો હતો
પાંચ શિષ્યોને દિશા દેખાડી
વિહાર બનાવ્યા તેં
એ વિસ્તાર પણ તારો જ હતો.

ઊજવાય છે પ્રત્યેક વર્ષે પૂર્ણિમા
જ્યારે મળી તને તારી દિશા
મુક્તિ મળી સંસારથી.
પણ અમારી શોધ તો ચાલુ જ છે
ભટકીએ છીએ
અમારા નિર્વાણ માટે
તો કઈ રીતે ઊજવીએ ઉત્સવ તારો?

## મણિકર્ણિકા

કેટલાં જંગલ બાળ્યાં તમે
બંધાયા છે
લાકડાંના ભારા
અગણિત ઢગલા –
મૃતદેહ ઓછા
અને વધારે છે વૃક્ષ!

સંભળાય છે –
ઘંટારવ
કર્મકાંડ બનેલા શબ્દો -
ક-મને ઉચ્ચારાતાં
મંત્રોચ્ચારોનો
ધુમાડો ભર્યો છે
તારી આંખોમાં
કેટકેટલાં બાળકોના દેહમાંથી
નીતરે છે પરસેવો

કઈ રીતે કહું
કે
મળે છે મોક્ષ અહીં!!